**[UDP-57] સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના [વર્ષ ૨૦૧૩-૧૪] મહાનગરપાલિકાઓને અનુદાન**

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ સજય/૨૦૧૩/S.F.33/ધ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૨૬/૬/૨૦૧૩

**વંચાણે લીધાઃ-**

૧. શ.વિ અને શ.ગૃ.નિ.વિ. નો ઠરાવ ક્રમાંકઃસજય/૧૦૨૦૧૧/૪૧૪૪/ધ, તા.૨૩-૮-૨૦૧૧

૨. શ.વિ અને શ.ગૃ.નિ.વિ. ના ઠરાવો ક્રમાંકઃવહટ/૨૦૧૩/૭૫૦/ધ તા. ૧૬/૫/૨૦૧૩[રૂ. ૭૫ કરોડ] અને વહટ/૨૦૧૩/૩૪૧૭/ધ તા. ૧૬/૫/૨૦૧૩ [રૂ. ૬૨૫ કરોડ]

**આમુખઃ-**

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, વંચાણમાં દર્શાવેલ તા.૨૩-૮-૧૧ના ઠરાવ મુજબ અમલમાં છે. આ યોજના અંતર્ગત વર્ષ – ૨૦૧૩-૧૪માં મહાનગરપાલિકામાં લોકોપયોગી માળખાકીય સુવિધાના કામો માટે UDP-57 હેઠળ માંગણી ક્રમાંક ૧૦૨ માં રૂ. ૬૨૫ કરોડ અને માંગણી ક્રમાંકઃ ૯૫ માં રૂ. ૭૫ કરોડ એમ કુલ રૂ. ૭૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે અને જેમાંથી ખર્ચ માટે વંચાણમાં દર્શાવેલ ઠરાવોથી વહીવટી મંજુરી મળેલ છે.

આ યોજના હેઠળ મહાનગરપાલિકાઓના કામો અને રકમ મંજૂર કરવા બાબતે કાળજીપૂર્વકની વિચારણા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના[UDP-57] હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ માં કરવામાં આવેલ કુલ રૂ.૭૦૦ કરોડની જોગવાઇમાંથી મહાનગરપાલિકાઓને નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | મહાનગરપાલિકાનુ નામ | ફાળવેલ ગ્રાન્ટ રૂ. કરોડમાં |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૪૫.00 |
| ૨ | સુરત | ૨૦૧.00 |
| ૩ | વડોદરા | ૮૪.00 |
| ૪ | રાજકોટ | ૬૫.00 |
| ૫ | ભાવનગર | ૩૮.00 |
| ૬ | જામનગર | ૩૩.00 |
| ૭ | જુનાગઢ | ૨૦.00 |
| ૮ | ગાંધીનગર | ૧૪.00 |
| | કુલ | ૭૦૦.00 |

શરતોઃ-

1. દરેક મહાનગરપાલિકાએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ દરખાસ્તો રજૂ કરેલ હતી અને વિવિધ કામો માટે જુદા જુદા તબકકે સૈધ્ધાંતિક મંજુરીઓ મેળવેલ હતી. આ મંજૂરીઓ અન્વયે ફાળવવાની બાકી રહેલ રકમ પ્રથમ આ રકમમાંથી ફાળવવાની રહેશે.
2. તે પછી બાકીની રકમ સામે, મહાનગરપાલિકાની દરખાસ્તો મેળવવાની રહેશે. ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ આ દરખાસ્તો સૈદ્ધાંતિક મંજુરી માટે સરકારને રજૂ કરવાની રહેશે.

3. નવી દરખાસ્તના અંદાજો મુજબ થતી વધારાની રકમ મહાનગરપાલિકાએ સ્વભંડોળ માંથી જ મેળવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.કે.ઠાકર)

ઉપસચિવ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

<u>પ્રતિ,</u>

૧. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સર્વે મહાનગરપાલિકાઓ

૨. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર.

<u>નકલ રવાના પ્રતિ,</u>

૧. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી, શ.વિ.નું કાર્યાલય, સચિવાલય, સચિવાલય, ગાંધીનગર.

૨. અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

3. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર.

૪. અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન, ગાંધીનગર.

૫. શાખા સીલેકંટ ફાઇલ.